| GJBH030042582023 | કેસ દાખલ તારીખ | ૧૯ | ૦૫ | ૨૦૨૩ |
|---|---|---|---|---|
| | કેસ રજી.તારીખ | ૧૯ | ૦૫ | ૨૦૨૩ |
| | કેસ નિકાલ તારીખ | ૧૮ | ૦૬ | ૨૦૨૬ |
| | સમય–અવધિ | વર્ષ | માસ | દીવસ |
| | | ૦૩ | ૦૦ | ૩૦ |

**<u>અંકલેશ્વરના મહે.બીજા અધિક ચીફ જયુડી.મેજીસ્ટ્રેટશ્રી ની કોર્ટમાં</u>**

**<u>ક્રિમીનલ કેસ નંબર : ૨૩૬૧/૨૦૨૩</u>**
<u>આંક –</u>

**<u>ફરીયાદી</u>** : સરકારશ્રી

**::: વિરૂધ્ધ :::**

**<u>આરોપી</u>** : **જયોતિબેન ઉપેન્દ્રભાઈ જેરામભાઈ પટેલ**
રહે– અંદાડા, મોટુ ફળીયુ તા. અંકલેશ્વર જી.ભરૂચ

**<u>ગુનો</u> :** **પ્રોહી.એકટ ક.– ૬૫ એ,ઈ મુજબ.**

...................................................................

ફરીયાદ પક્ષ તરફે : વિ.વ.શ્રી. એ.એ.પી.શ્રી.કે.એલ.દેસાઈ
આરોપી પક્ષ તરફે : વિ.વ.શ્રી બી.એચ.સૈયદ

......................................................................

<u>JUDGEMENT</u>

(૧) ફરીયાદ પક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે ,આ કામે તહોમતદર બહેને તા. ૧૫/૦૩/૨૦૨૩ના કલાક ૧૬/૦૦ વાગ્યા દરમ્યાન મોજે. અંદાડા ગામે મોટા ફળીયામા પોતાના કબજા ભોગવટા ઘરમાં ગે.કા.પાસ પરમીટનો ભારતીય બનાવટનો ઈગ્લીંશ દારૂની ૭૫૦ મીલીની કાચની બોટલ નંગ–૧૩ કિ.રૂ.૬,૫૦૦/–

તથા ૩૭૫ મીલીની કાચની બોટલ નંગ–૦૮ કિ.રૂ. ૨૪૦૦/– તથા ૧૮૦ મીલીની કાચની/પ્લા.ની બોટલ નંગ–૬૬ કિ.રૂ. ૬૬૦૦/– તથા ૫૦૦ મી.લી.ના બીયર ટીન નંગ–૦૯ કિ.રૂ. ૯૦૦/– ગણી કુલ કિ.રૂ.૧૬,૪૦૦/–ના મુદામાલ સાથે પકડાઇ જઈ ગુનો કરતા તેની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ અને તપાસનાં અંતે પૂરતો પુરાવો મળી આવતા આરોપીઓ વિરુધ્ધ આક્ષેપીત ગુનાનું પુરવણી ચાર્જશીટ રજુ કરતા આરોપીઓ સામે આક્ષેપીત ગુનાનો સમન્સ ઈસ્યુ કરેલ.

(૨) સમન્સની બજવણી થતા આરોપીઓ તેના વિ.વ.શ્રી મારફત હાજર થયેલ અને તેને ચાર્જશીટ તથા પોલીસ તપાસની નકલ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૭ મુજબ વિનામૂલ્યે આપ્યાની ખાતરી કરી આંક–૦૪ થી તહોમતનામુ અને આંક– ૦૫ સુધી પ્લી નોંધતા આરોપી નાઓની આક્ષેપીત ગુનાની કબુલાત ન કરતા આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવા ઉપર રાખવામાં આવેલ છે .

(૩) પક્ષકારો તરફે તેની તકરારોના સમર્થનમાં નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>(એ) ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવો.</u>**

**:: મૌખિક/દસ્તાવેજી પુરાવો ::**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૦૬ | ફરીયાદી પ્રવિણભાઇ ડાયાભાઈ ની જુબાની |
| ૦૨ | ૦૭ | ફરીયાદ |
| ૦૩ | ૦૯ | પંચ કિશન તુકારામ વસાવાની જુબાની |
| ૦૪ | ૧૦ | પંચનામુ |

(૪) ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો ન હોય આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વધારાનું નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) આ કામમાં ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી ની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રીની દલીલો સાંભળી જે સદરહું કામે ધ્યાને લીધી.

(૬) આ કેસનાં ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થયેલા છે.

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામે તહોમતદર બહેને તા. ૧૫/૦૩/૨૦૨૩ના કલાક ૧૬/૦૦ વાગ્યા દરમ્યાન મોજે. અંદાડા ગામે મોટા ફળીયામા પોતાના કબજા ભોગવટા ઘરમાં ગે.કા.પાસ પરમીટનો ભારતીય બનાવટનો ઈગ્લીંશ દારૂની ૭૫૦ મીલીની કાચની બોટલ નંગ–૧૩ કિ.રૂ.૬,૫૦૦/– તથા ૩૭૫ મીલીની કાચની બોટલ નંગ–૦૮ કિ.રૂ. ૨૪૦૦/– તથા ૧૮૦ મીલીની કાચની/પ્લા.ની બોટલ નંગ–૬૬ કિ.રૂ. ૬૬૦૦/– તથા ૫૦૦ મી.લી.ના બીયર ટીન નંગ–૦૯ કિ.રૂ. ૯૦૦/– ગણી કુલ કિ.રૂ.૧૬,૪૦૦/–ના મુદામાલ સાથે પકડાઈ જઈ પ્રોહી.એકટ ક.– ૬૫ એ,ઈ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું આદેશ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ સંબંધી મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. છેવટના આદેશ મુજબ.

## <u>કારણો</u>

**<u>મુદ્દા નંબર ૧:</u>**

ફરીયાદ પક્ષ તરફે આરોપી વિરૂધ્ધના આક્ષેપીત ગુનાઓ પુરવાર કરવા માટે પુરાવાઓનું તુલનાત્મક વિશ્લેષણ કરતા નીચે મુજબની હકીકતો માલુમ પડે છે.

(૮) ફરીયાદપક્ષ તરફે ફરીયાદી પ્રવિણભાઈ ડાહ્યાભાઈને આંક–૦૬ થી સોગંદ ઉપર તપાસતા તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, હુ તા.૧૫/૦૩/૨૦૨૩ના રોજ અંકલેશ્વર બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતો હતો દરમ્યાન પી.એસ.આઈ. શ્રી પી.આર.કસાડા, તથા બીજા પોલીસ સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અમને બાતમી મળેલ કે અંદાડા ગામે જયોતીબેન ઉપેન્દ્રભાઈ પોતાના ઘરે ભારતીય બનાવટનો દારૂનો જથ્થો સંતાડેલ છે જેથી આ બાતમીની જાણ પોલીસ સ્ટાફને કરી સાથેના સંદીપભાઈ બાલાભાઈએ બે રાહદારી પંચો બોલાવી તેઓને સાથે રાખી ખાનગી વાહનમાં બાતમીવાળી જગ્યાએ જતા એક બહેન હાજર હોય તેનુ પંચો રૂબરૂ નામ પુછતા તેણે પોતાનુ નામ જયોતિબેન ઉપેન્દ્રભાઈ પટેલ રહે. અંદાડા હોવાનું જણાવેલુ અને તેણીને સાથે રાખી ઘરની જડતી તપાસ કરતા બે મીણીયા કોથળામાં નીચે મુજબનો પ્રોહી મુદામાલ મળી આવેલ.

(૨) મીઝીક મોમેન્ટસ ગ્રીન એપલ ફલેવરની વોડકા ૭૫૦ મી.લી.ના બોટલ નંગ ૦૬ જે મહારાષ્ટ્ર બનાવટની હતી અને તેમા બેચ નંબર ૮૩૨ હતો જે એકની કિ.રૂ. ૫૦૦/– લેખે કુલ રૂ. ૩,૦૦૦/–નો મુદામાલ ગણેલ.

(૩) ડી.એસ.પી. બ્લેક વ્હીસ્કી ૭૫૦ મી.લી.ના બોટલ નંગ ૦૭ જે મહારાષ્ટ્ર બનાવટની હતી અને તેમા બેચ નંબર ૧૨૧૪ હતો જે એકની કિ.રૂ. ૫૦૦/– લેખે કુલ રૂા. ૩,૫૦૦/–નો મુદામાલ ગણેલ.

(૪) ઈમ્પીરીયલ બ્લુ વ્હીસ્કી ૩૭૫ મી.લી.ના બોટલ નંગ ૦૮ જે મહારાષ્ટ્ર બનાવટની હતી અને તેમા બેચ નંબર ૩૭૯૯ હતો જે એકની કિ.રૂા. ૩૦૦/– લેખે કુલ

રૂા. ૨,૪૦૦/–નો મુદામાલ ગણેલ.

(૫) ડી.એસ.પી. બ્લેક વ્હીસ્કી ૧૮૦ મી.લી.ના બોટલ નંગ ૩૦જે મહારાષ્ટ્ર બનાવટની હતી અને તેમા બેચ નંબર ૧૦૫૬ હતો જે એકની કિ.રૂ. ૧૦૦/– લેખે કુલ રૂા. ૩,૦૦૦/–નો મુદામાલ ગણેલ.

(૬) મીઝીક મોમેન્ટસ ગ્રીન એપલ ફ્લેવરની વોડકા ૧૮૦ મી.લી.ના બોટલ નંગ ૧૫ જે મહારાષ્ટ્ર બનાવટની હતી અને તેમા બેચ નંબર ૭૪૫ હતો જે એકની કિ.રૂ. ૧૦૦/– લેખે કુલ રૂ. ૧,૫૦૦/–નો મુદામાલ ગણેલ.

(૭) ૮ પી.એમ. સ્પેશીયલ વ્હીસ્કી ૧૮૦ મી.લી.ના બોટલ નંગ ૧૬ જે મહારાષ્ટ્ર બનાવટની હતી અને તેમા બેચ નંબર ૭૪૫ હતો જે એકની કિ.રૂા. ૧૦૦/– લેખે કુલ રૂા. ૧,૬૦૦/–નો મુદામાલ ગણેલ.

(૮) મેકડોવેલ્સ નંબર ૧ રીઝર્વે વ્હીસ્કી ૧૮૦ મી.લી.ના બોટલ નંગ ૦૫ જે મહારાષ્ટ્ર બનાવટની હતી અને તેમા બેચ નંબર ૨૪૬ હતો જે એકની કિ.રૂા. ૧૦૦/– લેખે કુલ રૂા. ૫૦૦/–નો મુદામાલ ગણેલ.

(૯) કીંગફીશર પ્રીમીયમ બીયરના ૫૦૦ મી.લી.ના ટીન નંગ ૦૯ જે મહારાષ્ટ્ર બનાવટની હતી અને તેમા બેચ નંબર ૮૭૧નો હતો જે એકની કિ.રૂા. ૧૦૦/– લેખે કુલ રૂા. ૯૦૦/–નો મુદામાલ ગણેલ.

(૧૦) ત્યારબાદ સદર મહિલા પાસેથી આ જથ્થો રાખવા બદલ પાસ પરમીગ માં ગતા નહિ હોવાનુ જણાવેલ જેથી આ મહિલાના ભોગવટામાંથી રૂા. ૧૬,૪૦૦/–નો મુદામાલ સાથેના પી.એસ.આઇ શ્રી પી.આર.કસાડાનાએ કબજે લીધેલ અમોએ સરકાર તર્ફે સદર ગુના સબબની ધોરણસરની ફરીયાદ આપેલી. મને ફરીયાદ બતાવવામાં આવે છે જે ફરીયાદમાં મારી સહી છે જે સહી હુ ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક–૦૭ આપવામાં આવે છે. આરોપીને જોયેથી હુ ઓળખુ છુ આરોપી આજરોજ કોર્ટમાં હાજર છે.

સદર સાહેદની ઉલટ તપાસ કરતા તેઓ તેમની ઉલટ તપાસમાં

એ વાતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે તપાસ કરનાર અધિકારી મારા ઉપરી અધિકારી થાય છે. એ વાત ખરી છે કે રેડવાળી જગ્યા માણસોની અવરજવર રહેતી હોય છે. આ સિવાય બાકીની તમામ હકીકતનો ઈન્કાર કરે છે.

(૯) ફરીયાદ પક્ષ તરફે પંચ કિશન તુકારામ વસાવાને ને આંક–૦૯ થી સોગંદ ઉપર તપાસતા તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે અમોને એક લખેલા કાગળ પર સહી લીધેલી. સહી શી બાબતે લીધેલી તેની અમોને ખબર નથી. અમોની પાસેથી કોઈ દારૂ કબ્જે કરવામા આવેલ હોય તેનું નામઠામ પુછવામા આવેલ હોય તેવું બનેલ નથી. અમોને પંચનામાની સર્ટીફાઈડ નકલ બતાવવામા આવે છે જેમા પંચ તરીકે અમોની સહી છે જે ઓળખી બતાવુ છુ પંચનામા વિશે હું કંઈ જાણતો નથી. પંચનામું રજુ દાખલ આંક– ૧૦ આપવામા આવે છે.

સદર પંચની ઉલટ તપાસ કરતા તેઓ તેમની ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે સહી કર્યા સિવાય બીજી કોઈ હકીકત વિશે હુ કંઈ જાણતો નથી. એ વાત ખરી છે કે મે લખેલા તૈયાર પંચનામામાં સહી કરેલી.

(૧૦) આ કામે પુરાવો જોવા જઈએ તો ત.ક.અ.ધ્વારા કોઈ સ્વતંત્ર સાહેદોનાં નીવેદનો લીધેલાનુ જણાતુ નથી. આ કામે પ્રથમ પંચનામુ તે પછી ફરીયાદ થયેલ હોવાનુ જણાઈ આવે છે. આ કામે પકડેલ કબ્જે હોવા અંગેનો રીપોર્ટ જ ફરીયાદ પક્ષે પુરાવા થી સાબીત થતો નથી. પંચો એ પોતાની સહી વાળી કાપલી મુદામાલે મુકેલ તે હકીકત પણ સાબીત નથી. આ કામે મુદામાલ મળી આવેલ તે જગા ની માલીકીનો પુરાવો પણ આ કામે ત.ક.અ. શ્રી ધ્વારા કબજે અથવા આ કામે સાબીત કે રજુ નથી. આરોપી નાં કોન્શીયશ પઝેશન બાબત સાબીત કરવા મુદામાલ મળી આવેલ તે જગા નુ પઝેશન આરોપીનાં તાબામાં તે વખતે હતુ તે દર્શાવવુ નિ:શંક પણે કેસ સાબીત કરવા માટે ફરીયાદ પક્ષ માટે જરૂરી હતું. જે આ કામે સાબીત નથી. આ કામે નામદાર ગુજરાત

હાઈકોર્ટ નાં ચુકાદાઓ અનુસાર આરોપીને અનન્ય અને સભાનપણાનો કબજો Exclusive & Conscious possession પુરવાર થતુ નથી. વળી આ કામે કથીત મુદામાલ દારૂ જ હતો તે બાબત નુ એફ એસ એલ નુસર્ટી પણ રજુ નથી. દારૂ નાં કિસ્સામાં કથીત મુદામાલ દારૂ જ હતો કે કેમ તે પણ નિ:શંક પણે ફરીયાદ પક્ષે પુરવાર કરવુ પડે. ઉપરોકત ચર્ચા અનુસાર આથી આરોપી શંકાનો લાભ લેવા હકદાર જણાય છે.

**(૧૧)** બીજા પાસા મુજબ આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો સ્ટેટ ઓફ ગુજરાત વિ. સુરેશભાઈ એસ પટેલ જી.એચ.જે. ૨૦૧૧ ભાગ ૨૬ પાના નં ૧ નો ચુકાદો ધ્યાને લેતાં,જેમાં ઠરાવેલ કે જો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થવાથી પણ પઝેશન જડતી અને જપ્તીનાં પ્રોહીબીશન નાં કેસ Beyond reasonable doubt પુરવાર થઈ શકે નહી અને નામદાર હાઈકોર્ટે નિર્દોષ ઠરાવીને છોડી મુકતાં ચુકાદાને યર્થાથ ઠેરવેલ. સદર કેસમાં પંચો વિમુખ છે. ખુદ ફરીયાદ પક્ષે તે નિ:શંક પણે પુરવાર કરી શકે નથી કે કથીત મુદ્દામાલ આરોપીનાં સભાનપણાનાં કબજા Exclusive and Conscious Possession માંથી કબજે લેવાયેલ છે. આથી આ કામે થયેલ જડતી અને જપ્તીની પ્રક્રિયા પણ શંકાસ્પદ કરવામાં આવેલ હોવાનું જણાય છે.

આમ, આ કામના આરોપી તા. ૧૫/૦૩/૨૦૨૩ના કલાક ૧૬/૦૦ વાગ્યા દરમ્યાન મોજે. અંદાડા ગામે મોટા ફળીયામા પોતાના કબજા ભોગવટા ઘરમાં ગે.કા.પાસ પરમીટનો ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂની ૭૫૦ મીલીની કાચની બોટલ નંગ–૧૩ કિ.રૂ.૬,૫૦૦/– તથા ૩૭૫ મીલીની કાચની બોટલ નંગ–૦૮ કિ.રૂ. ૨૪૦૦/– તથા ૧૮૦ મીલીની કાચની/પ્લા.ની બોટલ નંગ–૬૬ કિ.રૂ. ૬૬૦૦/– તથા ૫૦૦ મી.લી.ના બીયર ટીન નંગ–૦૯ કિ.રૂ. ૯૦૦/– ગણી કુલ કિ.રૂ. ૧૬,૪૦૦/–ના મુદામાલ સાથે પકડાઇ ગયેલ હોય અને તેવી હકીકતને કોઈ બીજા સ્વતંત્ર સાહેદોની જુબાનીથી સમર્થન મળતુ નથી. આમ, હાલના આરોપી

ફરીયાદ પક્ષના કથનો મુજબ  દારૂ રાખી પોલીસ રેડ દરમ્યાન પકડાઈ જઈ મળી આવેલ હોય તેવી હકીકત ફરીયાદ પક્ષે નિ:શંકપણે સાબિત થયા નું કહી શકાય તેમ નથી આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આ કામના આરોપીને તેઓની સામેના ગુન્હામાં સાંકળી તકસીરવાર ઠરાવવા માટે યોગ્ય અને જરૂરી પુરાવાનો અભાવ હોઈ તેઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા ન્યાયોચિત જણાતું હોઈ મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારાત્મકમાં આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## આ ખ રી હુ ક મ /–

૧. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે આ કામના આરોપી **જયોતિબેન ઉપેન્દ્રભાઈ જેરામભાઈ પટેલ** રહે– અંદાડા, મોટુ ફળીયુ તા. અંકલેશ્વર જી.ભરૂચ  નાઓ  પ્રોહી.એકટ ક.– ૬૫ એ,ઈ  મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

૨. મુદ્દામાલ પ્રોહી મુદામાલનો અપીલ પીરીયડ વિત્યે નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

૩. આરોપીના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૪૩૭(એ)મુજબ જામીન રજૂ કરવા.

આજરોજ તા.૧૮ મી  માહે જુન  સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ–અંકલેશ્વર
તા.૧૮/૦૬/૨૦૨૬

**(મિતેષકુમાર કિરીટકુમાર મહેતા)**
બીજા એડી. ચીફ જયુડી. મેજી.
અંકલેશ્વર
જી. જે. કોડ નં. ૦૧૨૨૫

(GUJ.STENO H.S.VALA)
ANKLESHWAR